ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધિકારીઓ/કર્મચારીઓને સાતમા પગારપંચના તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૦-૦૯-૨૦૧૭ સુધીના પગાર તફાવતની રકમનું ચુકવણું કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૩૦૯/૮૪૭/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬-૧૦-૨૦૨૨

**વંચાણમાં લીધા:-**

૧. નાણા વિભાગનો તા.૧૬-૦૮-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ.
૨. નાણા વિભાગનો તા.૨૯-૦૬-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/૧૧/પગાર એકમ (અ).
૩. નાણા વિભાગનો તા.૧૭-૧૦-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : પગર/૧૦૨૦૧૬/ઓ.૪૫૭/(૧૫)/પગાર એકમ(અ).
૪. આ વિભાગનો તા.૦૯-૦૪-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક : અવક/૧૩૦૯/૮૪૭/જ.
૫. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો તા.૨૯-૧૧-૨૦૨૧નો પત્ર ક્રમાંક : અવિકો/ મકમ/૨૦૨૧/૪૦૪૬

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમ (૧) થી (૩) માં દર્શાવેલ નાણા વિભાગના ઠરાવોની જોગવાઈ અન્વયે આ વિભાગના વંચાણે લીધા ક્રમ (૪) માં દર્શાવેલ તા.૦૯-૦૪-૨૦૨૨ ના ઠરાવની આ વિભાગ હેઠળના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધિકારી/કર્મચારીઓને કેન્દ્ર સરકારના સાતમા પગારપંચ અન્વયે સુધારેલ પગાર ધોરણનો લાભ આપવામાં આવેલ. જેનો વાસ્તવિક અમલ તા.૦૧-૧૦-૨૦૧૭ થી કરવામાં આવેલ.

વંચાણે લીધા ક્રમ (૫) માં દર્શાવેલ પત્ર અન્વયેની ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે; ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધિકારીઓ/કર્મચારીઓને સાતમા પગારપંચના તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૦-૦૯-૨૦૧૭ સુધીના પગાર તફાવતની રકમનું ચૂકવણું કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધિકારીઓ/ કર્મચારીઓને સાતમા પગારપંચના તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૦-૦૯-૨૦૧૭ સુધીના સમયગાળા માટે અંદાજિત રૂ.૬૨ લાખનું પગાર તફાવતની રકમનું ચૂકવણું નિગમની વહીવટી ગ્રાન્ટમાંથી ચૂકવવાની આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

૧. નિગમના સબંધિત અધિકારી/કર્મચારીઓને પગાર તફાવતની રકમની ચૂકવણી કરીને, નિગમના સક્ષમ અધિકારીએ આ વિભાગને તે રકમની ચૂકવણી કર્યા અંગેની લેખિત જાણ કરવાની રહેશે.

૨. નિગમના સક્ષમ અધિકારીએ, પગાર તફાવતની રકમની ચૂકવણીની કામગીરી પર દેખરેખ રાખવાની રહેશે તેમજ ચકાસણી અને પ્રમાણિત કરી વધુ રકમ ચૂકવાઈ ન જાય તે અંગેની કાળજી અવશ્ય લેવાની રહેશે.

૩. સબંધિત અધિકારી/કર્મચારીઓને પગાર તફાવતની રકમની ચૂકવણી કરતા પહેલા પ્રિઓડીટ કરાવીને ચૂકવણું કરવાનું રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૩/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

JPVasava
(જયશ્રી વસાવા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર. – ઉક્ત ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ
- પસંદગી ફાઇલ-૨૦૨૨.